**<u>નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫.</u>**

બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજનામાં ૪૦% કે તેથી વધુ મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતી પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-SJED/NIR/e-file/17/2023/3294/CHH-1

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૩/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૨૧/૫૪૫૬૯૦/છ.૧.

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2021/0006/CHH-1.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૫/૦૨/૨૦૨૪નો પત્ર નં.DSD/NIT/e-file/226/2023/2313/Planning Branch.

<u>આમુખ-</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૨) પરના તા.૨૪/૧૧/૨૦૨૦ના ઠરાવથી જરૂરી સ્પષ્ટતા તેમજ શરતો ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૮/૦૩/૨૦૨૧ના ઠરાવથી આ યોજનાનું નામ "બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય" ("Financial Assistance to Persons with Intellectual Disability (Mental Subnormality)" એમ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૧ના ઠરાવથી બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત ત્રણેય પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના વિભાગના તા.૨૧/૦૪/૨૦૨૨ના ઠરાવથી આ યોજનામાં મનો દિવ્યાંગ, સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓમાં દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવા બાબતે મંજૂરી આપેલ છે. આ યોજનામાં ૪૦% કે તેથી વધુ મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતી પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત પાંચ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવાની કુલ રૂ.૧.૬૩/- કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાને અંતે બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજનામાં ૪૦% કે તેથી વધુ મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતી પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત બે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને પણ માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતની વર્ષ ૨૦૨૪-૨૫ની કુલ રૂ.૧.૬૩/- કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો:</u>**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2024.06.07
13:05:14 +05:30

File No: SJED/NIR/e-file/17/2023/3294/CHH-1 Section
Approved By: Additional Chief Secretary,Secretary Office,SJED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

( ૧૯) સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ-નિયમો તથા યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવની શરતોનું ચૂસ્તપણે પાલન થાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૨૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૪/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.